ગાંધીનગર સમાચાર

## જન્મદિવસની વધામણી



શીરીન સૈયદ
માહિતી મદદનીશ
માહિતી ખાતુ, ગાંધીનગર
મો. ૯૭૨૫૨૦૩૪૩૯



હરિની નટવરભાઈ પટેલ
મો. ૯૮૭૯૫ ૦૩૪૧૨



પૂર્વ પાલવીયા
મો. ૯૯૦૪૫ ૮૨૪૩૫

**ડાયરેક્ટ ❤ સે**

આવતીકાલ ઉજ્જવળ કરવી હોય તો આજનો ભોગ આપવો જ રહ્યો.

રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર તેમજ જિલ્લા રમત-ગમત અધિકારી કચેરી, ગાંધીનગર દ્વારા

# શહેરમાં રાજ્યકક્ષાની યોગ સ્પર્ધા યોજાઈ







રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર તેમજ જિલ્લા રમત-ગમત અધિકારી કચેરી, ગાંધીનગર સંચાલિત રાજ્યકક્ષાની અન્ડર ૧૭-૧૯ યોગ સ્પર્ધાનું આયોજન તારીખ ૬થી ૯ નવેમ્બર દરમ્યાન ગોપાલક કન્યા વિદ્યાલય, ગાંધીનગર ખાતે થયું હતું. વિવિધ જિલ્લાઓના ૩૫૦ જેટલા ભાઈ-બહેનોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. અન્ડર-૧૯ વિભાગમાં ભાઈઓની સ્પર્ધામાં અનુક્રમે રીકન ભાવસાર-ભાવનગર, યશ પાનસુરીયા-સુરત શહેર, સંજય ઠાકોર-પાટણ, પ્રિતેશ રાવલ-આણંદ, દિવ્યરાજ જાડેજા-બોટાદ, જીલ શેલડીયા-સુરત શહેર અને શૈલેષ સૂંઢા-કચ્છ વિજેતા થયા હતા. આ ખેલાડીઓ હવે રાષ્ટ્ર કક્ષાની યોગાસન સ્પર્ધામાં ભાગ લેશે. રાજ્યના ખેલ જગત તરફથી તેમને અભિનંદન સહ શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

## ગુજરાત યુનિ.નો પદવીદાન સમારોહ ૩૦ નવેમ્બર અથવા તે પહેલાં યોજાશે

ગાંધીનગર, તા. ૯

યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (યુજીસી) દ્વારા દેશની તમામ યુનિવર્સિટીઓને નિર્ધારીત સમયમાં પદવીદાન સમારંભનું આયોજન કરીને ડિગ્રી એનાયત કરી દેવા આદેશ કરવામાં આવ્યો છે. ગુજરાત યુનિવર્સિટીએ પણ નવેમ્બર માસમાં જ પદવીદાન સમારંભનું આયોજન થાય તેવા પ્રયાસો શરૂ કર્યા છે. આ વખતે પદવીદાન સમારંભના મુખ્ય અતિથિ તરીકે કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહને બોલાવવાની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. દેશનાં રાજયોમાં આવેલી યુનિવર્સિટીઓમાં એકેડેમિક કેલેન્ડર જળવાતું ન હોવાના કારણે વિદ્યાર્થીઓને ભારે મુશ્કેલી નડતી હોય છે. નિયમ પ્રમાણે અભ્યાસ પૂરો થાય તેની ગણતરીના દિવસોમાં જ વિદ્યાર્થીને પોતાની ડિગ્રી મળી જવી જોઈએ. રાજયની અનેક યુનિવર્સિટીઓમાં અભ્યાસ પૂર્ણ થયાના મહિનાઓ પછી પણ વિદ્યાર્થીઓને ડિગ્રી મળી શકતી નથી. નિશ્ચિત સમયે ડિગ્રી ન મળવાના કારણે વિદ્યાર્થીઓએ વિદેશ જવાથી લઈને નોકરીઓ મેળવવામાં પણ અનેક મુશ્કેલીઓ નડતી હોય છે. આ પ્રકારની અનેક ફરિયાદો યુજીસી સમક્ષ પહોંચી હતી. જેના અનુસંધાનમાં યુજીસી દ્વારા દરેક યુનિવર્સિટીઓને પત્ર લખીને તાકીદ કરવામાં આવી હતી કે, એકેડેમિક કેલેન્ડરનું ચૂસ્ત પાલન કરવું અને નિર્ધારીત સમયે જ વિદ્યાર્થીઓને ડિગ્રી આપી દેવી.

## એએમએ ખાતે ૧૨મીથી ઈન્ટરનેશનલ લિટરેચર ફેસ્ટિવલ

### મધુર ભંડારકર અને પીયૂષ મિશ્રા જેવા બૉલીવૂડ જગતનાદિગ્ગજો ફેસ્ટિવલમાં ભાગ લેશે

ગાંધીનગર, તા. ૯

સાહિત્ય માત્ર ગણ્યા ગાંઠ્યા લેખકો કે સાહિત્યકારોનું નહિ પણ તેના દરેક વાચકનું છે. માત્ર નવલકથા, વાર્તા કે કવિતા જ સાહિત્ય નથી પરંતુ ફેસબુક પર રજૂ થતો એક વિચાર કે વોટ્સએપ પર બે લાઈનમાં રજૂ થતો શુભ સવારનો એક સંદેશ પણ સાહિત્યનું જ એક સ્વરૂપ છે. આ જ વાતને લઈને યુવાનોને સાહિત્ય સાથે વધુમાં વધુ સાંકળવા અમદાવાદ ઈન્ટરનેશનલ





લિટરેચર ફેસ્ટિવલનું આયોજન થઈ રહ્યું છે. ૧૨ અને ૧૩ નવેમ્બરના રોજ અમદાવાદ મેનેજમેન્ટ અસોસિએશન ખાતે આ લિટરેચર ફેસ્ટિવલ યોજાઈ રહ્યો છે.

આ ફેસ્ટિવલમાં ગુજરાતી સહિતના પ્રાદેશિક સાહિત્ય ઉપરાંત આંતરરાષ્ટ્રીય સાહિત્ય પર પણ વિવિધ પ્રકારની ચર્ચાઓ થશે. જેમાં ૧૨ નવેમ્બરે મધુર ભંડારકર તેમજ ૧૩ નવેમ્બરે પિયુષ મિશ્રા આકર્ષણનું કેન્દ્ર રહેશે.

## શબ્દસભાની નવા વર્ષની પ્રથબ બેઠક કવિ ચિનુ મોદીના નિવાસસ્થાને મળી



કનોરિયા આર્ટ સૅન્ટર, અમદાવાદ ખાતે દર શનિવારે મળતી ‘શબ્દસભા’ નવા વર્ષ નિમિત્તે ચિનુ મોદીના નિવાસસ્થાને મળી હતી. નીવડેલા અને નવોદિત કવિઓએ પોતાની અપ્રકાશિત મૌલિક કવિતાનો પાઠ કર્યો હતો. ચિનુ મોદી ઉપરાંત મનિષ પાઠક ‘શ્વેત’, કિશોર પંડ્યા, ચેતન શુક્લ, રમેશ દરજી, નિમેષ પરમાર, પાર્થ પ્રજાપતિ, આગમ શાહ, યોગેશ ભટ્ટ, ઋષિ દવે, દિલીપ દવે, મનોજ પટેલ, તથાગત પટેલ, રાધિકા પટેલ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતાં.

## સાયન્સના ત્રીજા સેમેસ્ટરના વિદ્યાર્થીઓને બે ગુણનો લાભ

### સાયન્સ ત્રીજા સેમેસ્ટરની પ્રોવિઝનલ આન્સર કી બોર્ડ દ્વારા જાહેર કરાઈ ગણિત અને ફિઝિક્સમાં એક-એક પ્રશ્નમાં ભૂલ હોઈ માર્ક આપવાનો નિર્ણય

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તાજેતરમાં લેવામાં આવેલી સાયન્સ ત્રીજા સેમેસ્ટરની પરીક્ષા બાદ સોમવારે પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરી છે. બોર્ડ દ્વારા સાયન્સના મહત્વના ચાર વિષયની આન્સર કી જાહેર કરી દેવામાં આવી છે. જેમાં ગણિત અને ફિઝિક્સમાં એક-એક પ્રશ્નમાં ભૂલ હોવાથી આ બંને વિષયના ૧-૧ મળી કુલ ૨ ગુણ વિદ્યાર્થીઓને પરીક્ષા પહેલા જ મળી ગયા છે. આ ઉપરાંત ફિઝિક્સમાં બે પ્રશ્નોમાં બે ઓપ્શન સાચા હોઈ બંનેમાંથી કોઈ પણ ઓપ્શન લખ્યું હશે તેને માર્ક આપવામાં આવશે. બોર્ડ દ્વારા હાલમાં પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરવામાં આવી છે, જેને લઈ કોઈ રજૂઆત હોય તો ૧૪ નવેમ્બર સુધીમાં બોર્ડ સમક્ષ લેખિતમાં રજૂઆત કરી શકાશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૧૪ ઓક્ટોબરથી ૨૦ ઓક્ટોબર દરમિયાન સાયન્સ ત્રીજા સેમેસ્ટરની પરીક્ષા લેવામાં આવી હતી. સમગ્ર રાજયમાંથી સાયન્સ ત્રીજા સેમેસ્ટરની પરીક્ષામાં ૧.૩૮ લાખ જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. પરીક્ષા પૂર્ણ થયા બાદ બોર્ડ દ્વારા વિષયના તજજ્ઞો પાસે આન્સર કી તૈયાર કરાવવામાં આવી હતી.

આન્સર કી તૈયાર થયા બાદ બોર્ડ દ્વારા સોમવારે પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરવામાં આવી છે. બોર્ડે જાહેર કરેલી પ્રોવિઝનલ આન્સર કીમાં ગણિત વિષયમાં પેપર સેટ-૧માં પ્રશ્ન નંબર ૨૮માં ભૂલ હોવાથી બોર્ડ દ્વારા આ પ્રશ્ન માટે તમામ વિદ્યાર્થીઓને એક ગુણ આપવાનો નિર્ણય લીધો છે. જ્યારે ફિઝિક્સમાં પેપર સેટ-૧માં પ્રશ્ન નંબર ૪માં પણ ભૂલ હોવાથી બોર્ડે આ પ્રશ્ન માટે પણ તમામ વિદ્યાર્થીઓને એક ગુણ આપવાનું નક્કી કર્યું છે. આમ, બે પ્રશ્ન માટે વિદ્યાર્થીઓને પરિણામ પહેલા જ બે ગુણ મળી જશે. જ્યારે ફિઝિક્સમાં પેપર સેટ-૧માં પ્રશ્ન નંબર ૩૨ અને ૪૨માં બે ઓપ્શન સાચા હોવાથી બંનેમાંથી કોઈ પણ એક ઓપ્શન લખ્યું હશે તેવા વિદ્યાર્થીઓને પણ માર્ક મળશે.

## સ્વામિનારાયણ મંદિર-કુમકુમ ખાતે ૧૧મીથી મહોત્સવનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૯

તા.૧૧થી ૧૩ નવેમ્બર, સ્વામિનારાયણ મંદિર-કુમકુમ-મણિનગર ખાતે મહંત શાસ્ત્રી આનંદપ્રિય સ્વામીના સાનિધ્યમાં ત્રિદિવસીય મહોત્સવ ઉજવાશે.

પ્રથમ દિવસે, તા.૧૧મીએ કારતક સુદ એકાદશી છે, આ દિવસે ભગવાન સ્વામિનારાયણના ૨૧૫મા પટ્ટાભિષેક દિવસ સાથે અબજીબાપાની ૧૭૨મી પ્રાગટ્ય જયંતી અને મુક્તજીવન સ્વામીબાપાનો ૮૭મો દીક્ષાદિન પણ છે આ દિવસે સવારે ૮.૦૦ વાગ્યાથી ૧૨ કલાકની અખંડ સ્વામિનારાયણ મહામંત્રની ધૂન થશે તથા જીવનપ્રાણ અબજીબાપાની વાતોની પારાયણ થશે. સંતો-હરિભક્તો નકોરડો ઉપવાસ કરશે. રાત્રે ૮.૦૦થી જીવનપ્રાણ બાપાશ્રીનો પ્રાગટ્યોત્સવ પારણે ઝુલાવી થશે અને મહાઆરતી થશે.

## વાચકોને આમંત્રણ

### ‘સંવેદના’ વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર ‘ગાંધીનગર સમાચાર’ ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**‘મારું મધુરું બાળપણ’**

## વડનગરની ધૂળમાં ધરબાયેલી કળાચેતનાનું તર્પણ : તાના-રીરી મહોત્સવ

વડનગર એ ગુજરાતનાં પ્રાચીનતમ નગરો પૈકીનું એક સાંસ્કૃતિક નગર છે. આજકાલ એ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હોમ ટાઉન તરીકે વધારે જાણીતું છે, પરંતુ સૈકાઓ પૂર્વે એ બૌદ્ધ સંસ્કૃતિનું કેન્દ્ર પણ હતું તે પુરાતત્ત્વ ખાતા દ્વારા થયેલ ઉત્ખનનથી સિદ્ધ થઈ ચૂક્યું છે. વળી ક્યારેક એ દ્વાદશકોશી નગર હતું - બાર બાર કોસ સુધી એનો વિસ્તાર હતો અને તે જૂના ગુજરાતની રાજધાનીનું નગર હતું. અહીં કળાની ઉપાસના થતી રહી છે. તાના-રીરીની દેરીઓ એ જ કળાવારસાનાં પ્રતીકો છે. ગુજરાતના આદિ કવિ નરસિંહ મહેતા એમના સુપુત્રની જાન લઈ વડનગર આવ્યા હતા, તો વળી પુત્રી શર્મિષ્ઠાની સ્મૃતિમાં આજે પણ શર્મિષ્ઠા તળાવ હયાત છે. અહીં નરસિંહ મહેતાની ચૉરી છે તેમ ગુજરાતની ગરિમાના પ્રતીક સમું વડનગરનું કીર્તિતોરણ પણ છે. તાના-રીરી સંદર્ભે વર્ષોથી કર્ણોપકર્ણ ચાલી આવતી દંતકથા સર્વવિદિત છે. અકબરનાં નવ રત્નો પૈકીના એક - પ્રસિદ્ધ ગવૈયા તાનસેને દીપક રાગ ગાયો એથી ઊઠેલી બળતરા કોઈ ઈલાજથી શમી નહીં ત્યારે એ તાના-રીરી નામની બે નાગર કન્યાઓની શોધમાં વડનગર આવ્યા. તાના-રીરીએ મલ્હાર રાગ ગાઈને એમની બળતરા તો શમાવી પરંતુ પછી સ્વધર્મની રક્ષા કાજે શહીદ થઈ જવું પસંદ કર્યું.



તાના-રીરી એ ગરવી ગુજરાતણની અસ્મિતા અને અસ્મતનું જ્વલંત ઉદાહરણ છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી ગુજરાત સરકાર મોઢેરામાં ઉત્તરાર્ધ મહોત્સવ અને વડનગરમાં તાના-રીરી મહોત્સવ યોજી ગુજરાતના એ પ્રાચીન કલાવરાસાને ઉજાગર કરવાનો પુરુષાર્થ કરતી રહી છે.

વડનગરમાં ઉજવાઈ રહેલા દ્વિદિવસીય તાના-રીરી મહોત્સવમાં ગુજરાતના નાયબ મુખ્યમંત્રી અને મુખ્યમંત્રી ઉપસ્થિત રહી નામાંકિત કલાકારોને સન્માનિત કરી રહ્યા છે. વડનગરની ધૂળમાં ધરબાયેલી તાના-રીરીની કળાચેતનાનું આથી મોટું તર્પણ કયું હોઈ શકે ?

વડનગર જૂના વખતમાં આનર્તપુર કે આનંદપુર નામે પણ ઓળખાતું રહ્યું છે. એ જૂના આનર્ત પ્રદેશનું પાટનગર હોવા ઉપરાંત કલાકારોની અયોધ્યા-જેના પર આક્રમણ ન કરાય એવા નગર તરીકેની પ્રતિષ્ઠા ધરાવતું હતું. અહીં સોલંકીયુગનાં અનેક સ્થાપત્યો આજે પણ અકબંધ છે. ખરેખર વડનગરને વિશ્વના હૅરિટેજ ટાઉન તરીકેનું સ્થાન મળવું જોઈતું હતું, જે એના અંતરિયાળ ભૌગોલિક પરિવેશને કારણે આજપર્યંત મળી શક્યું નથી. નહીંતર નાગરોના કુળદેવતા હાટકેશ્વરનું મંદિર અને વડનગરનું તોરણ કે વાવ જ એને હૅરિટેજ નગર તરીકે સ્થાપિત કરવા માટે પૂરતાં પ્રમાણ ગણી શકાય એમ છે. ઘણાં વર્ષો સુધી ગાયકવાડી રાજના ખેરાલુ મહાલના સૌથી મોટા અલ્પવિકસિત ગામ તરીકે સુષુપ્તાવસ્થામાં રહેલ વડનગરે સર્વોદય નેતા ડૉ. દ્વારકાદાસ જોષી અને ઉદાહરણરૂપ ધારાસભ્ય ડૉ. વસંત પરીખ જેવી વિભૂતિઓ ગુજરાતના ચરણે ધરી છે. વડનગરમાં જ વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી એક સામાન્ય પરિવારના ફરજંદ તરીકે જન્મ્યા, ઊછર્યા અને બી એન હાઈસ્કૂલના વિદ્યાર્થી તરીકે ઍસઍસસી થયા. હવે તો વડનગર એ મહેસાણા જિલ્લાનું સાંસ્કૃતિક પાટનગર બની ગયું છે. અહીં મૅડિકલ કૉલેજ પણ શરૂ થઈ ગઈ છે. વતનના ગામને એનાથી સતત એક સલામત અંતર રાખીને પણ કેવી રીતે રાજમાર્ગ પર મૂકી શકાય એનું જાજરમાન દૃષ્ટાંત વડનગરના પનોતા પુત્ર નરેન્દ્ર મોદીએ પૂરું પાડ્યું છે.

- ડો. કેશુભાઈ દેસાઈ

## આજે વડનગરનું નામ ગિનીસ બૂકમાં નોંધાશે

### ૫૦૦થી વધુ વ્યક્તિઓ એકસાથે હાર્મોનિયમ વગાડી વર્લ્ડ રૅકર્ડ નોંધાવશે : અગાઉનો રૅકર્ડ ૧૫૦ વ્યક્તિઓ દ્વારા હાર્મોનિયમવાદનનો છે

વડનગરના આંગણે ૧૦ નવેમ્બર ગુરુવારના રોજ વડનગર શર્મિષ્ઠા તળાવ ખાતે ૫૦૦થી વધુ સંગીત તજજ્ઞો, વિદ્યાર્થીઓ અને વડીલો હાર્મોનિયમ પર રાષ્ટ્રગાન અને રાષ્ટ્રગીત રજુ કરનાર છે. શર્મિષ્ઠા તળાવ ખાતે એકી સાથે ૫૦૦ થી વધુ લોકો હાર્મોનિયમ વગાડી વિશ્વ રેકોર્ડ નોંધાવનાર છે.

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી,નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ,ભારત સરકારના રાજયકક્ષાના પ્રવાસન મંત્રી ડો.મહેશ શર્મા, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનો સ્વતંત્ર હવાલો ધરાવતા મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી સહિત મહાનુંભાવો સાંજે ૦૬-૦૦ કલાકે શર્મિષ્ઠા તળાવ ખાતે ઉપસ્થિત રેહનાર છે.

અત્રે એ બાબત ઉલ્લેખનીય છે કે ગ્રીનીસ બુક ઓફ વિશ્વ રેકોર્ડમાં ૧૫૦ લોકોએ હાર્મિનયમ વગાડી રેકોર્ડ નોંધાયો હતો જે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ૫૦૦ થી પણ વધુ વિધાર્થીઓ,સંગીત તજજ્ઞો અને વડીલો દ્વારા હાર્મોનિયમ પર રાષ્ટ્રગાન અને રાષ્ટ્રગીત વગાડી આ રેકોર્ડ નોંધાવાના છે. આ રેકોર્ડ માટે લંડનથી ગ્રીનીસ બુકના અધિકારી ઉપસ્થિત રહેનાર છે.